# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાનો વાયદો રૂ.૧,૦૬,૪૫૦ના ઓલ ટાઈમ હાઈના સ્તરે: ચાંદીનો વાયદો રૂ.૨૨૪ વધ્યો: ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યા

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૭૫૨.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૨૭૯૫.૧૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૧૭૫.૦૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૪૮૭૧ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૧૨૫૪૯.૨૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૭૫૨.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૨૭૯૫.૧૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૮૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૬૪૨.૨૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૧૭૫.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬૧૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૬૪૫૦ના ઓલ ટાઈમ હાઈના સ્તરને અને નીચામાં રૂ.૧૦૫૮૫૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૫૭૯૨ના આગલા બંધ સામે રૂ.૬૫૮ના ઉછાળા સાથે રૂ.૧૦૬૪૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૫૫ વધી રૂ.૮૫૪૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૩ વધી રૂ.૧૦૬૯૨ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૨ વધી રૂ.૧૦૫૭૦૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫૯૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૬૫૨૨ અને નીચામાં રૂ.૧૦૫૯૦૨ના મથાળે અથડાઈ, રૂ.૧૦૫૭૯૫ના આગલા બંધ સામે રૂ.૭૨૭ વધી રૂ.૧૦૬૫૨૨ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૨૬૬૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૯૧૫ અને નીચામાં રૂ.૧૨૨૩૩૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૨૬૪૧ના આગલા બંધ સામે રૂ.૨૨૪ વધી રૂ.૧૨૨૮૬૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૬૬ વધી રૂ.૧૨૪૭૧૯ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૮૧ વધી રૂ.૧૨૪૭૩૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૩૩૨.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૫૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૦૦ અને નીચામાં રૂ.૩૩૧૯ના મથાળે અથડાઈ, રૂ.૬૨ ઘટી રૂ.૩૫૮૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૭૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૮૪ અને નીચામાં રૂ.૫૬૪૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૮૬ના આગલા બંધ સામે રૂ.૧૧૬ ઘટી રૂ.૫૬૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૧૫ ઘટી રૂ.૫૬૭૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૩ વધી રૂ.૨૬૮.૨ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬.૨ વધી રૂ.૨૬૮.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૬૭.૪ના ભાવે ખૂલી, ૬૦ પૈસા ઘટી રૂ.૯૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૬૦ના ભાવે ખૂલી, રૂ.૧૬ ઘટી રૂ.૨૫૫૪ થયો હતો.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૨૫૨૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૧૧૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૪૯૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૬૮૬૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૭૫૨૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૧૭૧૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૪૫૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૧૫૬૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૯૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૭૯૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૩૦૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૮૦૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૪૮૭૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૪૭૭૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૪૨ પોઈન્ટ વધી ૨૪૮૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૭.૨ ઘટી રૂ.૯૭.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૫ વધી રૂ.૧૨.૯ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૭.૫ વધી રૂ.૧૧૫૭.૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૧ વધી રૂ.૩૧૭૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૯ પૈસા ઘટી રૂ.૯.૯ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા વધી રૂ.૩.૯૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૭૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૮૦ પૈસા ઘટી રૂ.૪.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧ વધી રૂ.૧૫.૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૫.૫ વધી રૂ.૧૯૬૩ થયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૯.૫ વધી રૂ.૩૧૧૪ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૧.૯ વધી રૂ.૧૭૩.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૧૦.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧.૫ ઘટી રૂ.૩૭૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦ ઘટી રૂ.૧૨૬૦ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૨ પૈસા વધી રૂ.૯.૫૪ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭ પૈસા ઘટી રૂ.૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૩.૬ વધી રૂ.૧૭૫.૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૦૫ ઘટી રૂ.૧૦.૯૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૦.૫ ઘટી રૂ.૧૧૮૯.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૯ ઘટી રૂ.૧૩૦૯ થયો હતો.

## ધો. ૯ થી ૧૨ માં દરેક વિષયની ૨૫-૨૫ ગુણની એકમ કસોટી લેવાશે: શાળાઓ પોત પોતાની રીતે સમયપત્રક બનાવી શકે તેવી છુટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉચ્ચત્તર માધ્યમિક વર્ગોમાં ધો. ૯ થી ૧૨ સુધીમાં સત્રદીઠ કસોટી અંગેના મહત્વના સમાચારો પ્રાપ્ત થયા છે. હાલ મળેલી માહિતી અનુસાર દરેક વિષયની ૨૫-૨૫ ગુણની એકમ કસોટી લેવાની જાહેરાત કરવામાં આવી છે, મુલ્યાંકન સબબ એકમ કસોટીના વિકલ્પે ત્રિમાસીક કસોટી લેવામાં આવનાર હોવાનુ જાણવા મળી રહ્યુ છે.



આ અંગેનો સમયપત્રક શાળા પોતે નકકી કરી શકશે તેવી છુટ આપવામાં આવી છે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં સત્રદીઠ એક જ કસોટી લેવાશે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધો. ૯ થી લઈને ૧૨ સુધીમાં ઉચ્ચત્તર માધ્યમિક વર્ગોમાં સત્રદીઠ એકમ કસોટીને મહત્વ આપવામાં આવ્યુ છે. આ વખતે દરેક વિષયની ૨૫-૨૫ ગુણની એકમ કસોટી લેવાશે. મુલ્યાંકન સબબ એકમ કસોટીના વિકલ્પે ત્રિમાસિક કસોટી લેવામાં આવનાર છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં સત્રદીઠ એક જ કસોટી લેવાશે. વર્ષ ૨૦૨૫-૨૬ માં પ્રથમ સત્રમાં ૧૧ થી ૨૦ સપ્ટેમ્બર સુધીમાં એકમ કસોટી લેવાશે.

બીજા સત્રમાં તા. ૨૨ થી લઈને ૩૧ ડીસેમ્બરે ત્રિમાસિક કસોટી લેવાશે તેવુ જાણવા મળી રહ્યુ છે. એકમ કસોટી લેવા માટેનુ સમયપત્રક શાળા પોતપોતાની રીતે નકકી કરી શકશે તેવી વિશેષ છુટ આપવામાં આવનાર છે. એકમ કસોટીમાં નવી મુલ્યાંકન પધ્ધતિ વધારે કારગર અને અસરકારક નિવડે તેવુ માનવામાં આવી રહ્યુ છે.

## ગુજરાતની નગરપાલિકાઓની સત્તામાં સીધો ૫૦ ટકાનો વધારો : રૂ.૭૦ લાખ સુધીના કામોની મંજુરી આપી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષની સંકલ્પના સાકાર કરીને શહેરો અને નગરોમાં સ્થાનિક સત્તા તંત્રો દ્વારા હાથ ધરવામાં આવતા નાગરીક લક્ષી વિકાસ કામોને વધુ વેગવાન બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.



રાજયની નગરપાલિકાઓને શહેર વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત રાજય સરકારના આયોજન પ્રભાગહસ્તકની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રીક અને વહિવટી મંજુરી આપવાની સત્તા મર્યાદામાં ૫૦ ટકાનો વધારો કરવાનો સરકારે નિર્ણય લીધો છે. વડાપ્રધાન મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યકાળમાં ૨૦૦૫ માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબધ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો. શહેરી વિકાસની બે દાયકાની આ સફળતાને પગલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને શહેરી પરીવેશમાં પરીવર્તન અને નાગરીકોના શસકિતકરણથી સ્માર્ટ એન્ડ સસ્ટેનેબલ સીટીઝ નિર્માણનુ લક્ષ્ય રાખ્યુ છે. આ લક્ષને સાકાર કરવા શહેરોમાં વિકાસ કામોમાં વધુ વેગ લાવીને શહેરી જનસુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે નાણાંકીય સત્તા મર્યાદામાં કરવામાં આવેલો આ વધારો પરીણામકારી બનશે.

મુખ્યમંત્રીએ આ હેતુસર અ વર્ગની નગરપાલિકાઓના વિકાસ કામો માટે નગરપાલિકા કક્ષા સમિતિ દ્વારા તાંત્રીક અને વહિવટી મંજુરી આપવાની હાલની નાણાંકીય મર્યાદા રૂપીયા ૫૦ લાખ છે. તેમાં રૂપીયા ૨૦ લાખ વધારીને હવે રૂપીયા ૭૦ લાખ કરી છે. એટલુ જ નહી બ વર્ગની નગરપાલિકાઓ માટે ૪૦ થી વધારીને રૂપીયા ૫૦ લાખ , ક વર્ગ માટે રૂપીયા ૩૦ થી વધારીને રૂપીયા ૪૦ લાખ, ડ વર્ગ માટે ૨૦ થી વધારીને રૂપીયા ૩૦ લાખ સુધીના કામોની તાંત્રીક અને વહિવટી મંજુરી આપવાની સત્તા સોંપવામાં આવી છે. મુખ્યમંત્રીએ વહિવટી સરળીકરણની દિશામાં એક ઉદાહરણરૂપ પગલુ લઈને એવુ સુનિશ્ચિત કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે કે નગરપાલિકા કક્ષાએ સમિતિ દ્વારા તાંત્રીક તેમજ વહિવટી મંજુરી મળેથી પ્રાદેશિક મ્યુનિસીપલ કમિશ્નર આર સી એમ ઓફીસ દ્વારા સંબંધીત નગરપાલિકાને દરખાસ્ત મળ્યાના ૫ દિવસમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. એટલુ જ નહી આવી ગ્રાન્ટની બે હપ્તામાં ૧૦૦ ટકા ફાળવણી કરાશે જેના પરીણામે નગરપાલિકા વિસ્તારોમાં વિકાસ કામો શરૂ કરવામાં વિલંબનુ નિવારણ અને ગ્રાન્ટનો મહત્તમ સદપયોગ થશે.

મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિસ્તારોના ધારાસભ્ય, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ અને અગ્રણીઓએ આ માટે કરેલી રજુઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે નાણાંકીય સત્તા મર્યાદામાં વધારો કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના આ નિર્ણયને પરીણામે શહેરો અને શહેરી વિસ્તારોના શુઆયોજીત વિકાસ સાથોસાથ અર્નિગ વેલ-લીવીંગ વેલ નો અભિગમ પણ ચરીતાર્થ થશે અને શહેરી વિસ્તારોમાં જનસુખાકારી કામો સહિતના વિવિધ વિકાસ કામો ગુણવત્તા સાથે સમયબધ્ધ પુર્ણ થશે.

## અમદાવાદ, વડોદરા, સાણંદ, દાહોદ અને વટવાની ફાર્મા કંપનીઓમાં બનેલી દવાઓ હલકી ગુણવત્તાની હોવાનુ બહાર આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

ભેળસેળ અને ડુપ્લીકેટ દુષણને કાબુમાં લઈ શકાતુ ન હોય તેમ હવે દવા પણ હલકી ગુણવત્તાની આવતી હોવાનુ બહાર આવ્યુ છે અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એલર્ટ જારી કરાયુ છે, માત્ર જુલાઈ મહિનામાં જ ૧૪૩ દવા કવોલીટી ટેસ્ટમાં નિષ્ફળ ગઈ હતી. એટલુ જ નહી દવાના ૮ સેમ્પલ હલકી ગુણવત્તાના હોવાનુ બહાર આવ્યુ છે.




ઔષધ નિયમન તંત્રના રીપોર્ટ મુજબ જુલાઈમાં ૧૪૩ દવા ગુણવત્તા માપદંડને અનુરૂપ ન હતી, ૪૬ દવાના સેમ્પલ કેન્દ્રીય લેબોરેટરીમાં અને ૯૭ દવાના રાજયની લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવ્યા હતા. એવો ચોકાવનારો ધડાકો થયો છે કે ગુજરાતમાં ઉત્પાદીત ૧૦ દવાના સેમ્પલ પણ ફેઈલ થયા હતા. ડાયાબીટીસ, બીપી, હ્રદયરોગ, કીડની જેવી દવાઓ અમદાવાદ, વડોદરા, સાણંદ, દાહોદ અને વટવાની ફાર્મા ફેકટરીઓમાં ઉત્પાદીત થઈ હતી એવો પણ ચોંકાવનારો ધડાકો થયો છે કે દવાના ૮ સેમ્પલ હલકી ગુણવત્તાના હોવાનુ બહાર આવ્યુ છે અને આ દવાનુ ઉત્પાદન અનઅધિકૃત અને ગેરકાયદેસર કંપનીઓમાં થયુ હતું. જાણીતી બ્રાન્ડના નામે દવાઓ માર્કેટમાં ઘુસાડી દેવામાં આવી હતી. આ પ્રકરણમાં તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય શિક્ષક દિવસ -૨૦૨૫ (શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ - ૦૨)

## ડીંગુચા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી જિજ્ઞાસા પ્રજાપતિને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા બદલ ‘શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર-૨૦૨૫’થી સન્માનિત કરાશે

“મારી માતૃભૂમિ એ જ મારી કર્મભૂમિ છે, જ્યાં મને બાળકોને ભણાવવાનું ગૌરવ પ્રાપ્ત થઈ રહ્યું છે :- શિક્ષક શ્રી જિજ્ઞાસા પ્રજાપતિ

સૌ બાળકો ભણે, ગણે અને આગળ વધે તે માટે ડીંગુચા પ્રાથમિક શાળામાં વર્ષ-૨૦૦૭થી પ્રાથમિક શિક્ષિકા શ્રી જિજ્ઞાસા પ્રજાપતિ સતત પ્રયત્નો કરી રહ્યા છે. તેઓ ડીંગુચા પ્રાથમિક શાળામાં બાળકોને નવીન પદ્ધતિઓ, ટેક્નોલોજી અને શૈક્ષણિક સાધનો આધારિત શૈક્ષણિક કામગીરી કરાવે છે.



બાળકોનું ભણતર છૂટે નહિ તે દિશામાં કામ કરનારી શિક્ષિકા શ્રી જિજ્ઞાસા પ્રજાપતિના જણાવ્યા અનુસાર, કોરોનાના સમયમાં જ્યારે શાળાઓ બંધ હતી, ત્યારે વિદ્યાર્થીઓનો અભ્યાસ અટકે નહીં તે માટે હોમલર્નિંગની સામગ્રી તૈયાર કરી તેમણે સોશિયલ ડિસ્ટન્સ સાથે ભણાવવા તેમના ઘરે જતા હતા. કોરોનાકાળમાં ઓનલાઈન શિક્ષણના માધ્યમથી બાળકોને જોડવા અને તકનીકી સાધનોની મર્યાદા હોવા છતાં દરેક વિદ્યાર્થી સુધી વ્યક્તિગત પહોંચવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. આ સમયમાં રાજ્યના બાળકોને ભણાવવા સમગ્ર શિક્ષા-ગાંધીનગર દ્વારા ધોરણ ૧ અને ૨ પ્રજ્ઞા વર્ગ, ધોરણ – ૩ જ્ઞાનસેતુ તથા ધોરણ – ૩ થી ૫ “એક ભારત શ્રેષ્ઠ ભારત” અને જોયફુલ સેટર-ડે સહિતના એપિસોડ મળી કુલ ૭૭ જેટલા વિડીયો એપિસોડ ડીડી ગિરનાર પર પ્રસારિત કરવામાં આવ્યા હતા.

શ્રી જિજ્ઞાસા પ્રજાપતિએ સરકાર દ્વારા આયોજિત ॅજીઈ, દ્રસ્સ્જી, ઝઈ્, ઝય્સ્જી, જવાહર નવોદય જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે અનુકૂળ અભ્યાસક્રમ, પ્રશ્નપત્રો અને પ્રશ્નસમૂહો તૈયાર કરીને તેમને યોગ્ય દિશામાં અભ્યાસ પણ કરાવે છે. આ શિક્ષિકાએ ભણાવેલા અનેક બાળકો આ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયા છે. તેમની શાળાના બાળકોને વર્ષ-૨૦૦૭થી અત્યાર સુધી એટલે કે, છેલ્લા ૧૮ વર્ષથી ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શનમાં તાલુકા, જિલ્લા તથા રાજ્યકક્ષા સુધી ભાગ લેવા વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે. આમ, બાળકોએ વૈજ્ઞાનિક અભિગમ સાથે જોડાઈને શાળાને તાલુકા, જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ પણ ગૌરવ અપાવ્યું છે.

આ શાળા દ્વારા લોક ભાગીદારી થકી સમાજ સાથે શિક્ષણનું સંતુલિત જોડાણ પ્રસ્થાપિત કરીને અંદાજિત રૂ.૨૦ લાખથી વધુ મૂલ્યની રોકડ રકમ અને શાળાને ઉપયોગી તેવી વિવિધ વસ્તુઓનું દાન એકત્રિત કરીને સારા શિક્ષણ માટે ઓરડા, પ્રોજેક્ટર જેવી વિવિધ વસ્તુઓ લાવવામાં આવે છે. આ શિક્ષિકા દ્વારા વ્યસનમુક્તિ તેમજ અંધશ્રદ્ધા નિવારણની મુહિમ ચલાવવામાં આવે છે અને લોકજાગૃતિના કાર્યક્રમ અને નાટકો કરવામાં આવે છે. જેથી ગામમાં નાગરિકો અંધશ્રદ્ધાથી દૂર રહીને પોતાની દીકરીઓને શાળાએ ભણવા મોકલે.

આ શિક્ષિકા દ્વારા મોડ્યુલ લેખનને ધ્યાનમાં રાખીને વિદ્યાપ્રવેશ-શિક્ષક આવૃત્તિ, વિદ્યાપ્રવેશ-વિદ્યાર્થી પ્રવૃતિપોથી, વિદ્યાપ્રવેશ-શિક્ષક પ્રશિક્ષણ મોડ્યુલ, પ્રારંભિક બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ, ધોરણ ૩ થી ૫ ભાષા, જીવનકૌશલ્ય જેવા વિવિધ વિષયો માટે વિદ્યાર્થી કેન્દ્રિત મોડ્યુલો તૈયાર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ધોરણ ૩ થી ૮ સ્વાધ્યાય પોથીમાં સમીક્ષક તરીકે તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી-ગાંધીનગરના સહયોગમાં ધોરણ ૧ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિ મોડ્યુલ્સ તૈયાર કરવામાં આવ્યા છે.

શ્રી જિજ્ઞાસા પ્રજાપતિ એક સંવેદનશીલ માર્ગદર્શક તરીકે શિક્ષણ ક્ષેત્રે ભગીરથ પ્રયત્નો કરીને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. તેમનાં આ ઉમદા કાર્ય બદલ રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે ૫ સપ્ટેમ્બરના રોજ ‘રાષ્ટ્રીય શિક્ષક દિવસ’ની ઉજવણી દરમિયાન ગાંધીનગરના પ્રતિભાશાળી શિક્ષિકા શ્રી જિજ્ઞાસા પ્રજાપતિને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ‘શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર’થી સન્માનિત કરવામાં આવશે. - પ્રિન્સ ચાવલા

## આંગણવાડી એ માત્ર બાળ સંભાળનું કેન્દ્ર નહિ, બાળકોના સર્વાંગી વિકાસની પ્રથમ શાળા: મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા

### ગાંધીનગર ખાતેથી મંત્રીશ્રીના હસ્તે રૂ. ૩૭.૪૮ કરોડના ખર્ચે ૨૩૩ આંગણવાડીનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

આંગણવાડી એ માત્ર બાળ સંભાળનું કેન્દ્ર નહિ, બાળકોના સર્વાંગી વિકાસની પ્રથમ શાળા છે તેમ જણાવતાં મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, બાળકો દેશનું ભવિષ્ય છે. આંગણવાડીમાં ભવિષ્યના નાગરિકો-બાળકોનું સુયોગ્ય રીતે ઘડતર કરવામાં આવે છે. આંગણવાડીમાં અદ્યતન સુવિધાઓ, પોષણયુક્ત આહાર, રમત સાથે બાળકોને પ્રારંભિક શિક્ષણ આપવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ગાંધીનગર ખાતેથી રૂ. ૩૭.૪૮ કરોડના ખર્ચે ૨૩૩ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં મંત્રીશ્રીના હસ્તે રૂ. ૨૦.૨૩ કરોડના ખર્ચે પરંપરાગત પદ્ધતિથી બનેલી ૯૯ આંગણવાડી, ૧ ઘટક કચેરી, ૧? સેજા કચેરીનું લોકાર્પણ તથા ૬૫ આંગણવાડી કેંદ્રોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત **GSPC**ના **CSR** ભંડોળ અંતર્ગત **Light Guage Steel Frame (LGSF)** ટેક્નોલોજીના ઉપયોગથી ૧૭.૨૫ કરોડના ખર્ચે ૬૯ નવનિર્મિત આંગણવાડી કેન્દ્રોનું પણ લોકાર્પણ કરાયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય કક્ષાએથી કરવામાં આવતી સતત સમીક્ષા, ફોલો-અપ અને સંકલન થકી આંગણવાડીના નવા મકાનોનું નિર્માણકાર્ય ઝડપથી પૂર્ણ થઈ રહ્યું છે. જેના પરિણામે રાજ્યના હજારો નાના બાળકોને અદ્યતન સુવિધાઓ સાથેના નવા આંગણવાડી કેન્દ્રો ઉપલબ્ધ થઈ રહ્યા છે. આગામી સમયમાં પણ આ જ ગતિશીલતા સાથે આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનોને વધુ વિસ્તૃત કરી રાજ્યના દરેક બાળકને શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ અપાશે, તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનોની કામગીરીને બિરદાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આંગણવાડીની બહેનો બાળકોની પ્રેમ અને વાત્સલ્યથી સંભાળ રાખે છે. તેમને ઘર જેવું જ વાતાવરણ આપવામાં તેમની ભૂમિકા ખૂબ અગત્યની છે. તેમના શ્રેષ્ઠ પ્રયાસોના કારણે આજે અનેક વાલીઓ પોતાના બાળકોને આંગણવાડીમાં મોકલતાં થયાં છે. આ બહેનો આંગણવાડીમાં જ પોષણયુક્ત આહાર બનાવીને બાળકોને તેમની માતાની જેમ જ પ્રેમથી જમાડે છે. મહિલા અને બાળ વિકાસ સચિવ શ્રી રાકેશ શંકરે ખુબ જ ટૂંકા સમયગાળામાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામની કામગીરી પૂર્ણ કરવા બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં. આગામી સમયમાં પણ આજ ગતિથી આંગણવાડી કેન્દ્રોના બાંધકામની કામગીરી ઝડપથી પૂર્ણ કરાશે તેમ સચિવશ્રીએ જણાવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લાકક્ષાના ભૂલકામેળામાં ભૂલકાના કૌશલ્યને પ્રોત્સાહન આપતા વિજેતા થનાર બાળકોને મંત્રીશ્રીના હસ્તે ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, શ્રી જે. એસ. પટેલ, આઈ.સી.ડી.એસ કમિશનર શ્રી રણજીતકુમાર, **GSPC** ના **CEO** શ્રી ગૌતમ સાર્થક, મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને ભૂલકામેળામાં સહભાગી થનાર બાળકો, વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

- ઋચા રાવલ


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
Water Production Department
E - Short Tender Notice No:-09/2025-26

| S.N. | Description of Work | |
|---|---|---|
| 1 | Rate Contract for Design, Supply, Installation, Testing and Commissioning of Chain Link Fencing, Fabrication of M.S structure, Chequered Plate, Weather shed, etc and misc civil works at Dudheshwar Water Works within limit of Rs 50.00 lacs | Last Date of Online Submission of tender documents :- Dt. 16.09.2025 Up to 18:00 hrs. |


Tender documents will be available on https://tender.nprocure.com

# આગામી ૮ સપ્ટે. સોમવાર થી ૧૫ મી વિધાનસભાનુ ચોમાસુ સત્ર યોજાશે : ૫ સુધારા વિધેયક રજુ થશે

### જીએસટી સુધારા વિધેયક : ગુજરાત વૈધક વ્યવસાય સુધારા વિધેયકઃ ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમઃ ગુજરાત જન વિશ્વાસ વિધેયક : ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ સુધારા વિધેયક

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં આગામી તારીખ ૮ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ૧૫ મી ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર યોજાશે. આ ૩ દિવસની સંભવિત કામગીરી સંદર્ભે પ્રવકતા મંત્રીએ જણાવ્યુ હતુ કે તા. ૮ મી ના રોજ સત્રની શરૂઆત પ્રશ્નોત્તરી થી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે, ત્યારબાદ ગૃહ મુલત્વી રાખવામાં આવશે. તા. ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોત્તરી અને અન્ય કામકાજ ઉપરાંત ૫ વિધેયક રજુ થશે, ઓપરેશન સિંદુરની સફળતાના પગલે આ સત્ર દરમિયાન મુખ્યમંત્રી દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે.




પ્રવકતા મંત્રીએ કહ્યુ હતુ કે સત્ર દરમિયાન કુલ ૫ વિધેયક રજુ કરાશે, જેમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનુ કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫ નાણાં વિભાગનુ ગુજરાત માલ અને સેવાકર (દ્વિતિય સુધારા) વિધેયક ૨૦૨૫, ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક ૨૦૨૫ તેમજ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગનુ ગુજરાત વૈધક વ્યવસાયોનુ (સુધારા) વિધેયક ૨૦૨૫, અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજીસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરવામાં આવશે, વિધેયક ની વિગતો આપતા મંત્રીએ જણાવ્યુ હતુ કે રાજયમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારની વધુ તકો ઉભી કરવા માટે રાજય સરકારે કામદારો માટે ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે આવશ્યક લાભો અને સુરક્ષાના પગલાઓ સંબંધી કાયદાકીય જોગવાઈઓ કરીને કામના કલાકોમાં સુધારા લાવવા માટે પગલા લેવા જરૂરી હોઈ વટહુકમ લાવવામાં આવ્યો હતો જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા કારખાના (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરવામાં આવશે.

પ્રવકતા મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે ગુડ્સ એન્ડ સર્વિસ (જીએસટી) ટેક્ષ કાઉન્સિલની ભલામણોને શકય તેટલી વહેલી તકે લાગુ કરવા અને કેન્દ્રીય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમ ૨૦૧૭ (સીજીએસટીએકટ) અને ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમ ૨૦૧૭( જીજીએસટી એકટ) ની જોગવાઈઓની એકરૂપતા જાળવવા માટે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમ ૨૦૧૭ માં સુધારો કરવો જરૂરી હોઈ વટહુકમ કરવામાં આવ્યો છે. જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા આ વિધેયક લાવવામાં આવશે. આ ઉપરાંત ઉદ્યોગોમાં વ્યવસાય પ્રક્રિયાના પુનઃ નિર્માણને પ્રોત્સાહન મળે અને લોકોના જીવનની સરળતામાં સુધારો થાય તે હેતુથી રાજય સરકાર કાનુની નિયમોને સરળ બનાવવા, ડીજીટાઈઝેશન અને તર્ક સંગત બનાવવા જેવા શ્રેણીબધ્ધ પગલા લેવા માટે તત્પર છે. જે અંતર્ગત સરકાર જીવન અને વ્યવસાયોને સરળ બનાવવા અને કોર્ટ પરના કેસોનુ ભારણ ઘટાડવા માટે ગુજરાત જન વિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ થશે.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની સુચના મુજબ રાજયમાં આયુર્વેદિક અને યુનાની પ્રેકટીશનરોની પ્રેકટીસ / નોંધણીની નિયમનકારી સંસ્થાને સ્ટેટ મેડીકલ કાઉન્સિલ ફોર આયુર્વેદિક અને યુનાની સિસ્ટમસ ઓફ મેડીસીન તરીકે ઓળખવામાં આવશે. જેથી ગુજરાત મેડીકલ પ્રેકટીસનર્સ એકટ ૧૯૬૩ માં બોર્ડ શબ્દને બદલે કાઉન્સિલ શબ્દનો ઉપયોગ કરીને યોગ્ય સુધારા લાવવા જરૂરી છે જેના ભાગરૂપે ગુજરાત વૈધક વ્યવસાયીઓનુ (સુધારા) વિધેયક ૨૦૨૫ લાવવામાં આવશે. રાજય સરકારે રાજયમાં કલીનીક સંસ્થાઓની નોંધણી અને નિયમન માટે ગુજરાત કલીનીકલ સ્થાપના (નોંધણી અને નિયમન ) અધિનિયમ ૨૦૨૧ લાગુ કર્યો છે. રાજયભરમાં આ કાયદાનો અસરકારક અમલ થાય તે માટે કાયદા દ્વારા ફરજીયાત નોંધણી માટે કલીનીકલ સંસ્થાઓને વધુ વ્યાજબી સમયે પુરો પાડવો જરૂરી માનવામાં આવે છે. જે અંતર્ગત ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજીસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરવામાં આવશે.

# ગુજરાતમાં આમ આદમી પાર્ટીનો ઉદય થવા જઈ રહ્યો છે ? ૫૦૦થી વધુ લોકો ભાજપ કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં કંથરપુરા ગામ ખાતે આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાંથી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ તરીકે ચુંટાયેલા અને બે વાર તાલુકા પંચાયતમાં ચુંટાયેલા દિનેશભાઈ રામાભાઈ તડવીએ ભાજપને રામ રામ કરી પોતાના સમર્થકો સાથે આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. આ સાથે તિલકવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના માજી સરપંચ, ડે.સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને કંથરપુરા, મરસણ, વાસણ, વિરપુર, રેગણ કોલોની, વડીયા ટેકરા, ધાણીખોર, ડાભેડ, કાટકોઈ, વ્યાધર જેવા



ગામડાઓમાંથી યુવાનો અને વડીલો ભાજપ અને કોંગ્રેસમાંથી છેડો ફાડી ૫૦૦ થી વધુ લોકોએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. કાર્યકરોએ કહ્યુ હતુ કે ભાજપ સરકારમાં કાર્યકરોના કામો થતા નથી અને ભાજપ સરકાર માત્ર ને માત્ર ચુંટણીના ટાંણે જ કાર્યકરોને યાદ કરે છે, સરકાર બન્યા બાદ કાર્યકરોની કોઈ છીંકણી સુંઘતુ નથી, ત્યારે હવે પરીવર્તન લાવવા માટે એક સાથે આમ આદમી પાર્ટીમાં લોકો જોડાયા હતા. આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવાની વિચારધારા, આમ આદમી પાર્ટી ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ઈમાનદાર રાજનીતી , પાર્ટીની વિચારધારા અને પાર્ટી જે કામગીરી કરે છે તેનાથી પ્રેરીત થઈને આ તમામ યુવાનો અને આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે ગણતરીના મહિનાઓમાં ગુજરાત માં મહાનગરપાલિકા, નગરપાલિકા , જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચુંટણીઓ યોજાવવા જઈ રહી છે ત્યારે આમ આદમી પાર્ટીને પુરેપુરો વિશ્વાસ છે કે આવનારી તમામ ચુંટણીઓમાં આમ આદમી પાર્ટી નવો ઈતિહાસ રચશે અને ગુજરાતની રાજનીતીને નવો વળાંક આપશે.

# ગૃહમંત્રીના પ્રભારી વિસ્તાર વડોદરામાં પીધેલા કોન્સ્ટેબલે પોલીસ સ્ટેશન માથે લીધુ : અધિકારીઓની હાજરીમાં ગાળાગાળી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂ બંધીના પોલીસ કર્મીએ જ લીરેલીરા ઉડાવ્યા હોવાનો બનાવ ગૃહમંત્રીના પ્રભારી વિસ્તાર વડોદરામાં બનવા પામ્યો છે, વરણામાં પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર ઉ.વ.૩૭ એ પોતાની સોસાયટીમાં નોકરી પુરી કર્યા બાદ દારૂ પીધેલી હાલતમાં આવી, સ્થાનિક રહીશો સાથે ગાળાગાળી કરી ઝઘડો કરવા લાગ્યો હતો, જેનો વિડીયો કોઈક સ્થાનિકે બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કર્યો હતો ત્યારબાદ પોલીસ કોન્સ્ટેબલને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવતા ત્યાં પણ ગાળાગાળી કરી નશાની હાલતમાં હોબાળો કરી પોલીસ સ્ટેશન માથે લીધુ હતું.



વરણામાં પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર નોકરી પુરી કર્યા બાદ છુટી તેમની વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં આવ્યા હતા ત્યારે દારૂનો નશો કરેલી હાલતમાં હતા, સોસાયટીના ગેટ નજીક સ્થાનિક લોકો સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા જેથી કોઈક નાગરીકે કોન્સ્ટેબલનો પીધેલી હાલતમાં ગાળાગાળી કરતો વિડીયો બનાવીને સોશીયલ મીડીયા પર વાયરલ કરી નાખ્યો હતો. આ ઉપરાંત સ્થાનિકે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર વિરૂધ્ધ પ્રોહિબીશનનો ગુન્હો દાખલ કર્યો હતો. ફરીયાદી કિરણ નાગરે જણાવ્યુ હતુ કે અમે તેમને પુછવા માટે તેમના ઘરે ગયા ત્યારે પણ તેમણે અમારી પર હુમલો કર્યો હતો, એ પછી મે ૧૦૦ નંબર પર ફોન કર્યો હતો, પોલીસ લગભગ ૯ વાગે આવી હતી અને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી, તેમણે ફરીથી ડબલ નશો કર્યો હતો અને પોલીસ સ્ટેશનની સામે જ અમારી પર હુમલો કર્યો હતો, લોકઅપ માં થી પણ અમને ગાળો બોલી રહ્યો હતો અને લેડીઝ કોન્સ્ટેબલ સાથે પણ ખરાબ વર્તન કર્યુ હતું.

# સાબરકાંઠા જિલ્લામાં ટેકાના ભાવે નોંધણીના સર્વરમાં સતત ધાંધીયા : ખેડુતો સવાર થી લાઈનમાં

### હિંમતનગર સહિત જિલ્લામાં ખેડુતોની સવાર થી જ લાંબી કતારો : રજીસ્ટ્રેશનમાં થતા ધાંધીયાથી ખેડુતોમાં રોષ ફેલાયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં વહેલી સવારથી ખેડુતોની કતાર જોવા મળી રહી છે, જિલ્લાના અનેક સેન્ટરોમાં ટેકાના ભાવે રજીસ્ટ્રેશન માટે પોર્ટલ બંધ છે,મગફળી, સોયાબીન, મગ, અડદ માટે રજીસ્ટ્રેશન શરૂ થયુ છે, તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ઈ-સમૃધ્ધ પોર્ટલ પર રજીસ્ટ્રેશનની ડેડલાઈન છે, ડીઝિટલ ઈન્ડીયાની વાતો વચ્ચે ગ્રામ્ય વિસ્તારના ખેડુતો ત્રાહીમામ પોકારી ઉઠયા છે,




જિલ્લામાં ઈ-સમૃધ્ધ પોર્ટલ સર્વર ઠપ્પ થયાની અનેક જગ્યાએથી ફરીયાદો મળી રહી છે, હિંમતનગરમાં પણ સર્વર ઠપ થતા ખેડુતોએ આ મામલે કલેકટરને ફરીયાદ કરી હતી, સાબરકાંઠા જિલ્લામાં સર્વર ઠપ થવાને કારણે ખેડુતો ત્રાહીમામ પોકારી ઉઠયા છે, કયાંક સર્વર ઠપ તો કયાંક સર્વર જામ, હોવાની સ્થિતિ સર્જાતા ખેડુતોની મુશ્કેલીમાં વધારો થયો છે. ગઈ કાલે મોટાભાગના સેન્ટરો પર સર્વરજામની ફરીયાદો મળી હતી, ઈ-સમૃધ્ધ પોર્ટલ ઠપ થઈ જતાં બે દિવસથી ખેડુતોને સેન્ટર પર ધકકા ખાવાનો વારો આવ્યો છે. કેટલાક ઠેકાણે મોડી રાતથી સેન્ટર બહાર ખેડુતોની લાઈનો લાગી હતી, સર્વર ઠપ થઈ જતા રજીસ્ટ્રેશન નથી થતુ, ખુદ તલાટી કમ મંત્રીએ પણ સર્વર ઠપ થયાની વાતને સ્વીકારી હતી, તેમણે જણાવ્યુ હતુ કે ઈ-સમૃધ્ધ પોર્ટલ પર રજીસ્ટ્રેશન નથી થઈ રહ્યુ, વિગતો ભરી સબમીટ કરતી વખતે ક્ષતિ સર્જાઈ છે. સર્વરમાં ગરબડીના કારણે સવાર થી અત્યાર સુધીમાં માત્ર ૧ રજીસ્ટ્રેશન શકય બન્યુ હોવાનુ ખેડુતો જણાવી રહ્યા છે. ટેકાના ભાવે ખેત ઉત્પાદન વેચવા નોંધણી કરાવવામાં પણ વિઘ્નો આવી રહ્યા છે. સર્વર ઠપ થઈ જતા સેન્ટર પર ખેડુતોની લાંબી કતારો જોવા મળી રહી છે, ખેડુતોના મોટા ભાગનો સમય પણ વેડફાઈ રહ્યો છે. ખેડુતો ખેતરો મુકી પંચાયત ની ઓફીસ પર ધકકા ખાવા મજબુર બન્યા છે. જિલ્લાના ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, લાંબડીયા, પ્રાંતિજ અને તલોદ સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સર્વર ઠપ થયાની ફરીયાદ નોંધાઈ છે.

# હવે મેડીકલના સાધનો બનાવનારાઓ ડોકટરોને ફ્રી સેમ્પલ આપી શકશે : ડોકટરોની ભેટ કે અન્ય કોઈ લાલચ આપ્યા વગર ફકત ઉત્પાદનનો અનુભવ કરાવવાના હેતુ સાથે નિયમો બનાવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

મેડીકલના સાધનો બનાવતી કંપનીઓ હવે ડોકટરોને મફત સેમ્પલ આપી શકશે, જેથી ડોકટરો નવા સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખી શકે અને તેની ગુણવત્તાનુ મુલ્યાંકન કરી શકે, જો કે સરકારે આ માટે કેટલાક નિયમો બનાવ્યા છે,

આ નિયમ મુજબ સેમ્પલની કિંમત એટલી જ હોવી જોઈએ, જેટલી કિંમતે તે સાધન સ્ટોકીસ્ટ ને વેચાય છે, જો કંપનીએ આ સેમ્પલ બહાર થી ખરીદ્યા હોય તો ખરીદ કિંમતને જ સેમ્પલનુ મુલ્ય ગણવામાં આવશે. આ નિર્ણયનો હેતુ એ છે કે ડોકટરોને ભેટ કે અન્ય કોઈ લાલચ આપ્યા વગર ફકત ઉત્પાદનનો અનુભવ કરાવવાનો છે, આ નવી નીતી ડોકટર / કંપનીના સંબંધોમાં પારદર્શિતા લાવશે અને નૈતિક પ્રથાઓને પ્રોત્સાહન આપશે તેનાથી મેડીકલ ઈન્ડસ્ટ્રીમાં યોગ્ય



વ્યવસાયિક માહોલ ઉભો થશે, આ નવા નિયમ હેઠળ કંપનીના સીઈઓને આચાર સંહિતાનુ પાલન કરવવાની જવાબદારી સોંપવામાં આવી છે, કંપનીઓએ દર વરસે તેમના માર્કેટીંગ ખર્ચની વિગતો નાણાંકીય વર્ષના અંતના બે મહિનામાં જાહેર કરવી પડશે. આ પગલાથી માર્કેટીંગમાં પારદર્શિતા વધશે અને ગ્રાહકોને પણ ફાયદો થશે. એક ઉદ્યોગના નિષ્ણાંતે આ નિર્ણયનુ સ્વાગત કરતા કહ્યુ હતુ કે તેનાથી બજારમાં યોગ્ય સ્પર્ધા જળવાશે અને દર્દીઓને વધુ સુરક્ષિત અને ભરોસાપાત્ર મેડીકલ સાધનો મળી રહેશે, આ નીતીથી ડોકટરોને બિનજરૂરી ભેટ કે પ્રલોભન આપવાનુ બંધ થશે અને દર્દી/ કેન્દ્રીત પ્રથાઓને પ્રોત્સાહન મળશે. આનાથી મેડીકલ ઉપકરણોની ગુણવત્તા પર પણ વધુ ધ્યાન કેન્દ્રીત થશે, આખરે આ નિર્ણયનો અંતિમ લાભ સામાન્ય નાગરીકોને મળશે.

આ નવા નિયમોથી ડોકટરોને નવા સાધનોનો અનુભવ મળશે, જે દર્દીઓને વધુ સારી સારવારમાં મદદ કરશે, તો બીજી તરફ ગ્રાહકો માટે ભરોસાપાત્ર અને સુરક્ષિત સાધનો વિશે સાચી માહિતી મળશે, તો બીજી તરફ ઉદ્યોગ માટે બજાર નૈતિક અને સમાન સ્પર્ધા જળવાશે. તો બીજી તરફ પારદર્શિતામાં માર્કેટીંગ ખર્ચ જાહેર થવાથી સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા આવશે.

# હિંમતનગર,ઈડર અને પ્રાંતિજમાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણી : શહેરની મસ્જીદો, દરગાહ તેમજ સોસાયટી વિસ્તારોને રોશનીથી શણગારવામાં આવી









પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સમગ્ર વિશ્વમાં ઈસ્લામ ધર્મના પયગંબર હઝરત મોહમદ સાહેબનો જન્મ દિવસ ઈદે મિલાદુનબી તરીકે ધાર્મિક શ્રધ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. આ પવિત્ર તહેવારની સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર, ઈડર , પ્રાંતિજ સહિતના શહેરોમાં ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઈસ્લામી કેલેન્ડરના રબીઉલ અવ્વલ મહિનાની ૧૨ મી તારીખે ઉજવાતા આ પર્વ નિમિત્તે હિંમતનગર શહેરના અશરફનગર છાપરીયા, માલીવાડા, વ્હોરવાડ, પોલોગ્રાઉન્ડ સહિતના વિસ્તારોની મસ્જીદો અને દરગાહો સહિત સોસાયટીઓને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવી છે. શહેરની વિવિધ મસ્જીદો અને મકાનોમાં આકર્ષક લાઈટીંગ અને રોશનીથી સજાવવામાં આવ્યા છે. જે રાત્રે સમગ્ર વિસ્તારને મિલાદુનબીમય બનાવી વાતાવરણને જળહળતુ બનાવે છે અને લોકોનુ ધ્યાન ખેંચે છે, ચાલુ વરસે ૫ મી સપ્ટેમ્બરે ઈદેમીલાદુનબીની ઉજવણી થવાની છે, ત્યારે તે અગાઉ જ શહેરની વિવિધ મસ્જીદોમાં મોડી રાત સુધી વાયજ અને ઝીક્ર ના કાર્યક્રમો રાખવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ આ પર્વ નિમિત્તે કુરાનખ્વાની, નાતખ્વાની, તકરી અને નિયાઝ જેવા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે, જેમાં મોટી સંખ્યામાં મુસ્લીમ સમુદાયના લોકો ભાગ લઈ રહ્યા છે.

હિંમતનગર શહેરમાં પણ લોકોમાં આ પર્વને લઈને વિશેષ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સમગ્ર હિંમતનગર શહેર ઉત્સવના માહોલમાં રંગાઈ ગયુ છે. આ ઉજવણી ભાઈચારા અને શાંતિનો સંદેશ આપે છે.

# રાજયના ૯ જિલ્લાની ૧૦ પેટા તીજોરી કચેરીઓને લાગશે તાળા : રાજય સરકાર ૧૦ પેટા તીજોરી કચેરીઓને લગાડશે ખંભાતી તાળા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા ૧૦ પેટા તીજોરી કચેરીઓને બંધ કરવાનો નિર્ણય લીધો છે, રાજયના ૯ જિલ્લાની ૧૦ પેટા તીજોરી કચેરીઓને લાગશે ખંભાતી તાળા, રાજય સરકાર દ્વારા ૧૦ પેટા તીજોરી કચેરી બંધ કરવાનો નિર્ણય લીધો છે. નાણાં વિભાગ દ્વારા લેવાયેલા નિર્ણયમાં ૧૫ દિવસમાં પેટા તીજોરી કચેરીઓ બંધ કરવામાં આવશે. આ કચેરીઓમાં ઓછુ કાર્યભારણ હોવાથી નાણાં વિભાગ દ્વારા સમિક્ષા કરી નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકારના નાણાં વિભાગ દ્વારા પેટા તીજોરીઓની કચેરીઓની સમિક્ષા કરીને ઓછુ કાર્યભારણ ધરાવતી પેટા તીજોરી કચેરી સ્થાનિક પરીબળોને ધ્યાનમાં લઈ બંધ કરવાનો નિર્ણય તીજોરી સુધારણા હેઠળ લેવામાં આવ્યો છે. નાણાં વિભાગ દ્વારા લેવાયેલા નિર્ણયમાં ૧૫ દિવસમાં પેટા તીજોરી કચેરીઓ બંધ કરવામાં આવશે. બંધ કરવામાં આવનાર તમામ તીજોરી કચેરીઓનુ કાર્ય અન્ય કચેરીઓમાં સંભાળશે, તેવી જ રીતે કચેરીના કર્મચારીઓનો પણ અન્ય કચેરીમાં સમાવેશ થશે, રાજયની ૯ જિલ્લાની ૧૦ પેટા તીજોરી કચેરીઓને લાગશે તાળા જેમાં (૧) અરવલ્લી જિલ્લાની મેઘરજ (૨) મોરબીની વાંકાનેર (૩) સુરેન્દ્રનગરની લખતર (૪) ભાવનગર જિલ્લાની શિહોર (૫) રાજકોટ જિલ્લાની પડધરી (૬) વડોદરા જિલ્લાની કરજણ (૯) જુનાગઢ જિલ્લાની મેંદરડા અને વંથલી જયારે મહિસાગર જિલ્લાની કડાણા અને (૧૦) આણંદ જિલ્લાની બોરસદ પેટા તિજોરી કચેરી બંધ કરવામાં આવશે. આ પેટા તિજોરીઓ બંધ થતા તેની કામગીરી કઈ તીજોરી કચેરી સંભાળશે તેના અંગે તેમજ આ તીજોરી કચેરીઓના હાલના મહેકમને સમાવવા અંગેની વૈકલ્પિક વ્યવસ્થા હિસાબ અને તીજોરી કચેરી ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

# સરસપુરમાં પ્રાથમિક સુવિધાના અભાવે સ્થાનિકોનો રોષ ફાટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરસપુર વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના અભાવે સ્થાનિકોનો રોષ ફાટી નીકળ્યો છે. અરવિંદ મિલ પાસે વારંવાર ઉભરાતી ગટરો અને ગંદકીથી કંટાળીને સ્થાનિકોએ રોડ પર ઉતરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. લોકોએ બંને તરફનો રસ્તો બ્લોક કરી દેતા વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સરસપુરમાં ગટર ઉભરાવાનો પ્રશ્ન ઘણા સમયથી ચાલી રહ્યો છે. આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને સ્થાનિક કોર્પોરેટરોને અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી, તેમ છતાં સમસ્યાનું કોઈ નિરાકરણ આવ્યું ન હતું. વારંવારની રજૂઆતો બાદ પણ કોઈ કાર્યવાહી ન થતાં આખરે લોકોએ કંટાળીને રોડ પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો હતો. ઉલ્લેખનીય છે કે અવાર-નવાર ગટરો ઉભરાતી હોવાથી ગંદકી અને મચ્છરનો ઉપદ્રવ વધતાં રોગચાળાની ભિતિ સતત રહે છે. નરોડા અરવિંદ મિલ પાસે સ્થાનિકોએ રસ્તાની વચ્ચે ઉભા રહીને ટ્રાફિક બ્લોક કરી દીધો હતો. જેના કારણે આસપાસના રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ વિરોધ પ્રદર્શનને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ઘટનાની ગંભીરતા જોતા AMCના અધિકારીઓ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અધિકારીઓએ વિરોધ કરી રહેલા લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને સમસ્યાના તાત્કાલિક નિરાકરણની ખાતરી આપી હતી. જોકે, સ્થાનિકોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે તો ફરીથી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.